# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

## આણંદ કૃષિ યુનિવર્સિટી,

## આણંદ- ૩૮૮૦૦૧

**પશુચિકિત્સા અને પશુપાલન ખાતે આયોજીત 'કાયદાકીય પ્રક્રિયા અને પશુચિકિત્સકની ભૂમિકા' નો પરિસંવાદ**

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે કાયદાકીય પ્રક્રિયા અને વેટરનરી ડોક્ટરની ભૂમિકા અંતર્ગત એસ્કાડ સ્ટેટ લેવલ સેમિનારનું તા. ૦૧/૦૨/૨૦૨૦ નાં રોજ કપિલા સેમિનાર હોલમાં આયોજન થયેલ હતું. પરિસંવાદની શરૂઆતમાં પ્રાર્થનાગીત પછી મહાનુભાવો દ્વારા દિપ-પ્રાગટ્ય કર્યા પછી તેઓનું પુષ્પગુચ્છ એવં સ્મૃતિચિન્હથી સન્માન કરવામાં આવેલ હતું. પ્રારંભમાં મહાવિદ્યાલયનાં ડીનશ્રી ડો. એમ.એન. બ્રહ્મભટ્ટ દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યા પછી મહાવિદ્યાલયનાં શિક્ષણ, સંશોધન એવં વિસ્તરણની પ્રવૃત્તિઓની બૃહદ માહિતી આપી પરિસંવાદની અગત્યતા સમજાવેલ હતી. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં માનનીય કુલપતિશ્રી ડો. આર.વી.વ્યાસ સાહેબે આ પ્રકારનાં પરિસંવાદનાં આયોજન બદલ સૌને બિરદાવી શુભેચ્છા સંદેશ થકી અભિનંદન પાઠવેલ હતાં. મુખ્ય અતિથિ વિશેષશ્રી તરીકે પધારેલ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરનાં માનનીય કુલપતિશ્રી ડો. એન.એચ.કેલાવાલા સાહેબે પશુચિકિત્સા ક્ષેત્રે આ પ્રકારની કાયદાકીય પ્રક્રિયાઓ, તેની આંટી ઘૂંટીઓ એવં ઉકેલ તથા સમાધાન ક્ષેત્રે ચર્ચા કરી વિસ્તૃત માહિતીની સાથોસાથ પરિસંવાદમાં રજૂ થનાર પ્રવચનો થકી સૌને આ પ્રકારનાં જ્ઞાનયજ્ઞમાં સહભાગી થવા એવં આ જ્ઞાનનો પશુચિકિત્સકો અને પશુપાલનક્ષેત્રે સંકળાયેલ વૈજ્ઞાનિકોને લાભાલાભ વિશે ઊંડાણભરી છણાવટ કરેલ હતી. અતિથિ વિશેષશ્રી તરીકે પધારેલ ગુજરાત રાજ્યનાં પશુપાલન વિભાગનાં નિયામકશ્રી ડો. ફાલ્ગુનીબેન ઠાકરે પરિસંવાદનાં હેતુથી લાભન્વિત થતાં જ્ઞાનને મેળવી પશુચિકિત્સા ક્ષેત્રે ઉપયોગી થઈ પશુસેવાનાં મહામૂલાં યજ્ઞમાં સહભાગી થવા જણાવેલ હતું. અન્ય અતિથિ વિશેષશ્રી એડીશનલ સિનિયર સિવિલ જજ, આણંદનાં માનનીય મેડમ ચિત્રા રત્નુશ્રી દ્વારા સમગ્રતયા વ્યવસાયી ક્ષેત્રે ઉપસ્થિત થતી કાયદાકીય પ્રવૃત્તિઓ અને ખાસ કરીને પશુચિકિત્સા ક્ષેત્રે વેટરનરી ડોક્ટરની કાયદાકીય પ્રક્રિયાઓમાં ભૂમિકાને પ્રાણીઓનાં હિત માટે ઉપયોગી થવા માટેનું હેતુલક્ષી માર્ગદર્શન આપેલ હતું. અતિથિવિશેષશ્રી તરીકે બિરાજેલ અન્ય મહાનુભાવ નિવૃત્ત આચાર્યશ્રી લો-કોલેજ, સુરતનાં ડો. વિક્રમ દેસાઇએ પણ પોતાનાં કાયદાકીય જ્ઞાનનો ઉપસ્થિતિ સર્વેને હેતુલક્ષી ચર્ચા થકી લાભ આપેલ હતો. પરિસંવાદમાં બહોળી સંખ્યામાં આણંદ કૃષિ યુનિવર્સિટીનાં મહાનુભાવોશ્રીઓ, અધિકારીશ્રીઓ,

વૈજ્ઞાનિકશ્રીઓ, રાજ્યભરનાં પશુચિકિત્સક અધિકારીશ્રીઓ અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. પરિસંવાદનું સફળ સંચાલન વેટરનરી ગાયનેકોલોજી વિભાગનાં પ્રાધ્યાપક ડો. એમ.ટી.પંચાલે કરેલ હતું. પરિસંવાદની આભારવિધિ ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી એવં પ્રાધ્યાપક અને વડા ડો. એસ.કે.રાવલે કરેલ હતી. સમારંભની પૂર્ણાહુતિ રાષ્ટ્રગીત સાથે થઈ હતી.




**પશુચિકિત્સા અને પશુપાલન ખાતે આયોજીત**

**‘કાયદાકીય પ્રક્રિયા અને પશુચિકિત્સકની ભૂમિકા’ નો પરિસંવાદ**